પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમા (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના નિયમોમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- ED/OTH/e-file/3/2025/5586/N
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૬/૨૦૨૬

**વંચાણે લીધા:-**

1. શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ-ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન
2. શિક્ષણ વિભાગના તા.૨૧/૦૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન
3. શિક્ષણ વિભાગના તા.૩૦/૦૬/૨૦૨૦નો ઠરાવ ક્રમાંકઃ ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન
4. શિક્ષણ વિભાગના તા.૧૦/૧૨/૨૦૨૫નો ઠરાવ ક્રમાંકઃ ED/OTH/e-file/3/2025/5586/N
5. શિક્ષણ વિભાગના તા.૨૭/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંકઃ ED/OTH/e-file/3/2025/7227/N
6. શિક્ષણ વિભાગના તા.૧૭/૦૨/૨૦૨૬નો ઠરાવ ક્રમાંકઃ ED/MISC/e-file/3/2025/3463/N
7. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૪/૦૫/૨૦૨૬ના પત્ર ક્રમાંક- DPE/PTC/e-file/105/2026/2278/J-PTC

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધેલ સંદર્ભ (૧) પરના વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૨ ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના નિયમો પ્રસિદ્ધ કરેલ હતા. વંચાણે લીધેલ સંદર્ભ (૫) પરના વિભાગના તા.૨૭/૦૧/૨૦૨૬ના ઠરાવથી ડી.એલ.એડ (પી.ટી.સી.)ના વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા કેન્દ્રિયકૃત અને ઓનલાઈન પ્રવેશ પદ્ધતિથી નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ (૭)ની પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની પીટીસી (D.El.Ed) માં પ્રવેશ આપવા અંગેના પ્રવર્તમાન નિયમોમાં સુધારા કરવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના પ્રવર્તમાન નિયમોમાં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

| નિયમ | હાલની જોગવાઈ | સુધારા જોગવાઈ /નવી જોગવાઈ |
|---|---|---|
| 4.3 | નવી જોગવાઇ. | બોર્ડની પૂરક પરીક્ષા પાસ કરનારા ઉમેદવારો માટે: પ્રવેશ સમિતિ દ્વારા જાહેરાત આપ્યા પછી અરજી કરવાના છેલ્લા દિવસ સુધીમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થાય તો પરીક્ષા પાસ કરનારા ઉમેદવારો અરજી કરી શકશે. |
| 4.4 | મહત્તમ ઉંમર મર્યાદા:- પ્રવેશ માટે ઉમેદવારની ઉંમર શૈક્ષણિક વર્ષના આરંભે એટલે કે જે તે વર્ષના જુલાઇની પ્રથમ તારીખે ૨૪ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહિ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-ખપશ/૧૦૧૦/૯૯૭/ચ, તા.૩૦/૧૨/૨૦૧૦થી રાજયની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા બિન તાલીમાર્થી શિક્ષકો માન્ય પી.ટી.સી. કોલેજોમાં પી.ટી.સી.ની તાલીમ મેળવી લેવાનું નકકી કરેલ છે. આવા ઉમેદવારોને વય મર્યાદા લાગુ પડશે નહિ. | મહત્તમ ઉંમર મર્યાદા:- પ્રવેશ માટે ઉમેદવારની ઉંમર શૈક્ષણિક વર્ષના આરંભે એટલે કે જે તે વર્ષના જુલાઇની પ્રથમ તારીખે ૩૦ વર્ષ કરતાં વધુ હોવી જોઇએ નહિ. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-ખપશ/૧૦૧૦/૯૯૭/ચ, તા.૩૦/૧૨/૨૦૧૦થી રાજયની ખાનગી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા બિન તાલીમાર્થી શિક્ષકો માન્ય પી.ટી.સી. કોલેજોમાં પી.ટી.સી.ની તાલીમ મેળવી લેવાનું નકકી કરેલ છે. આવા ઉમેદવારોને વય મર્યાદા લાગુ પડશે નહિ. |
| 4.5 | મહત્તમ ઉંમરમાં છૂટછાટ:-અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોની બાબતમાં વય મર્યાદામાં ૫ વર્ષ ની છૂટછાટ આપવામાં આવશે. | મહત્તમ ઉંમરમાં છૂટછાટ:-અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો, દિવ્યાંગો તેમજ આર્થિક રીતે નબળા વર્ગોની બાબતમાં વય મર્યાદામાં ૫ વર્ષ ની છૂટછાટ આપવામાં આવશે. |
| 4.1.6 (સૂચિત) | નવી જોગવાઇ. | દુરવર્તી શિક્ષણ યોજના મુજબ NIOS પાસ કરેલ અથવા GIOS (GSHSEB) માંથી પાસ કરેલ ધોરણ- 12 ની પરીક્ષા. |
| 4.6.1 થી 4.6.6 | - | હાલની જોગવાઇ રદ કરીને નીચે મુજબ જોગવાઇ કરીએ. |
| 4.6.1 | નવી જોગવાઇ. | પ્રવેશનું માધ્યમ : ઉમેદવારે ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨ નું શિક્ષણ જે માધ્યમમાંથી મેળવેલ હોય તે પૈકી કોઇપણ માધ્યમમાં પ્રવેશ મેળવવા માટે અરજી કરી શકશે. |

| | | |
|---|---|---|
| 4.6.2 | નવી જોગવાઈ. | ગુજરાતી સિવાયના માધ્યમની બેઠકો માટે જો ઉપરોક્ત નિયમ પ્રમાણે પ્રવેશ પછી પણ બેઠકો ખાલી રહે તો પ્રવેશ : ઉમેદવારોની અપૂરતી સંખ્યાને કારણે જો અન્ય માધ્યમોની બેઠકો ખાલી રહે, તો માધ્યમને ધ્યાને લીધા વગર જે તે ઉમેદવારે પ્રવેશ મેળવવા ઈચ્છુક માધ્યમના વિષય સાથે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બંનેની પરીક્ષા પાસ કરેલ હશે તેવા ઉમેદવારો જે તે માધ્યમની પ્રાથમિક શિક્ષણ ડીપ્લોમા કોલેજમાં પ્રવેશ મેળવવા લેખિત સંમતિપત્ર આપશે તો ધોરણ ૧૨ ની ટકાવારીના ધોરણે આવા ઉમેદવારોને જે તે માધ્યમમાં જે ક્રમથી પ્રવેશ અટકેલ હશે તે જ ક્રમથી પ્રવેશ આપવામાં આવશે. |
| 5.4 | વિકલાંગ ઉમેદવારો માટે અનામતઃ- વિકલાંગ ઉમેદવારોની વિકલાંગતા શિક્ષકના વ્યવસાયને બાધારૂપ બને છે કે કેમ? તેની ચકાસણી માટે નીચેના તજજ્ઞોની ચકાસણી સમિતિની રહેશે.<br>૧.સિનિયર મહિલા વ્યાખ્યાતા રાજ્યના જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં કાર્યરત હોય તે પૈકી એક<br>૨.આચાર્યશ્રી-અનુદાનિત/સરકારીપી.ટી.સી કોલેજમાં કાર્યરત હોય તે પૈકી એક<br>૩. કો-ઓર્ડિનેટર અંધજન મંડળ, વસ્ત્રાપુર,: ગાંધીનગર.<br>૪.સિવિલ સર્જનશ્રી, ગાંધીનગર સૂચવે તે ડૉક્ટર ઉપર દર્શાવેલ ક્રમ-૧, ૨, ૩ની નિયુક્તિ નિયામકશ્રી વખતો વખત કરે તે પ્રમાણે રહેશે.<br>સમિતિનું કાર્યક્ષેત્ર અને ફરજો:-<br>૧.વિકલાંગ ઉમેદવારની પી.ટી.સી. અભ્યાસક્રમમાં તથા ત્યારબાદ પ્રાથમિક શાળાના શિક્ષકના વ્યવસાયમાં બાધારૂપ ન હોય તેવી મુક-બધિર, અંધત્વ અથવા અલ્પદ્રષ્ટિ તથા અસ્થિવિષયક વિકલાંગતાની ચકાસણી તથા તપાસ કરવાની રહેશે.<br>૨.ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-ટીસીએમ/૧૪૦૨/૩૫૪/ન તા.૨/૯/૦૩ ની વિગતો પણ ધ્યાને લેવાની રહેશે. | વિકલાંગ ઉમેદવારો માટે અનામતઃ- વિકલાંગ ઉમેદવારોની વિકલાંગતા શિક્ષકના વ્યવસાયને બાધારૂપ બને છે કે કેમ? તેની ચકાસણી માટે જિલ્લા કક્ષાએ નીચેના તજજ્ઞોની ચકાસણી સમિતિની રહેશે.<br>૧.સિનિયર મહિલા વ્યાખ્યાતા રાજ્યના જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં કાર્યરત હોય તે પૈકી એક<br>૨.આચાર્યશ્રી-અનુદાનિત/સરકારી ડી.એલ. એડ કોલેજમાં કાર્યરત હોય તે પૈકી એક તેમજ જો જે તે જિલ્લામાં અનુદાનિત/સરકારી પી.ટી.સી કોલેજ ન આવેલ હોય તો ખાનગી ડી.એલ.એડના આચાર્યશ્રીને સમાવી શકાશે.<br>૩. દિવ્યાંગ ઉમેદવારો કાર્યરત સંસ્થાઓના પ્રમુખશ્રી /મંત્રીશ્રી/ ટ્રસ્ટીશ્રી.<br>૪.જિલ્લા સિવિલ સર્જનશ્રી સૂચવે તે ડૉક્ટર<br>ઉપરાંત ક્રમ-૧, ૨, ૩ની નિયુક્તિ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વખતો વખત નક્કી કરે તે પ્રમાણે રહેશે.<br>સમિતિનું કાર્યક્ષેત્ર અને ફરજો:-<br>૧.વિકલાંગ ઉમેદવારની પી.ટી.સી. અભ્યાસક્રમમાં તથા ત્યારબાદ પ્રાથમિક શાળાના શિક્ષકના વ્યવસાયમાં બાધારૂપ ન હોય તેવી મુક-બધિર, અંધત્વ અથવા અલ્પદ્રષ્ટિ તથા અસ્થિવિષયક વિકલાંગતાની ચકાસણી તથા તપાસ કરવાની રહેશે.<br>૨. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક- ટીસીએમ/૧૪૦૨/૩૫૪/ન તા.૨/૯/૦૩ અને ઠરાવ ક્રમાંક- ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન તા.૨૧/૦૬/૨૦૧૯ ની વિગતો પણ ધ્યાને લેવાની રહેશે. |
| 6.2 | ઉપલબ્ધ બેઠકોની પ્રવાહવાર ફાળવાણી નીચે મુજબ રહેશે:-<br>(અ) વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ૩૦ ટકા<br>(બ) સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનચાદી તથા વ્યવસાયલક્ષી પ્રવાહના ઉમેદવારો માટે ૭૦ ટકા (સામાન્ય પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહ તથા વ્યવસાયલક્ષી પ્રવાહમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામા ઉર્તિર્ણ થયેલ ઉમેદવારોના સપ્રમાણમાં બેઠકો ફાળવવામાં આવશે.) | ઉપલબ્ધ બેઠકોની પ્રવાહવાર ફાળવણી નીચે મુજબ રહેશે.<br>(અ) વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ૩૦ ટકા<br>(બ) સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનચાદી તથા વ્યવસાયલક્ષી પ્રવાહના ઉમેદવારો માટે ૭૦ ટકા<br>(ક) ઉપર્યુક્ત મુદ્દા (બ) ના ૭૦ ટકા પૈકી ૩ ટકા બેઠકો **અથવા** સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનચાદી પ્રવાહ તથા વ્યવસાયલક્ષી પ્રવાહમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં ઉર્તિર્ણ થયેલ ઉમેદવારોના સપ્રમાણની ટકાવારી સમકક્ષ ટકાવારી **એ બેમાંથી જે વધુ હોય** તેટલા ટકા બેઠકો ઉચ્ચતર ઉત્તર બુનચાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહના ઉમેદવારો માટે ફાળવવાની રહેશે. |

| | | |
|---|---|---|
| 15 | ભરવાની ફી :<br><br>સ્વનિર્ભર સંસ્થાઓએ વર્ગદીઠ રૂ.5000/- (રૂપિયા પાંચ હજાર) વહીવટી ખર્ચ પ્રવેશ કાર્યવાહી શરૂ થવાની હોય તેના 10 દિવસ અગાઉ કેન્દ્રિય પ્રવેશ સમિતિમાં જમા કરાવવાની રહેશે અને જે સંસ્થાઓએ જેટલા વર્ગો માટે વહીવટી ખર્ચ જમા કરાવેલ હશે તે જ સંસ્થાઓનો તેટલો જ વર્ગોનો પ્રવેશ કાર્યવાહી માટે ધ્યાનમાં લેવામાં આવશે. | ભરવાની ફી :<br><br>સ્વનિર્ભર સંસ્થાઓએ પ્રવેશ કાર્યવાહી શરૂ થવાની હોય તેના 10 દિવસ અગાઉ વર્ગદીઠ રૂ.10000/-( રૂપિયા દસ હજાર) વહીવટી ખર્ચ પેટે કેન્દ્રિય પ્રવેશ સમિતિમાં જમા કરાવવાનો રહેશે અને જે સંસ્થાઓએ જેટલા વર્ગો માટે વહીવટી ખર્ચ જમા કરાવેલ હશે તે સંસ્થાઓની તેટલા જ વર્ગો માટેની પ્રવેશ કાર્યવાહી ધ્યાનમાં લેવામાં આવશે. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

**(અરવિંદસિંહ વાઘેલા)**
**ઉપસચિવ,**
**શિક્ષણ વિભાગ.**

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનર
2. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી, જીસીઇઆરટીની કચેરી, સેક્ટર-૧૨, ગાંધીનગર.
5. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની, કચેરી મારફત)
6. સિલેક્ટ ફાઈલ.

*Signature Not Verified*
*Signed by:Arvindsinh I. vaghela*
*Under Secretary*
*Date:2026.06.20*
*12:46:17 +5:30*


Open the document in Adobe Acrobat DC to verify the E-sign